ક્રમાંક– જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/ ૦૭
જીઆઈડીસી, ઉદ્યોગભવન,ગાંધીનગર.
તા. ૬ /૫/૨૦૧૫

**//પરિપત્ર//**

વિષયઃ– હયાત એકમના વિસ્તરણ માટે લગત ઔદ્યોગિક પ્લોટ/શેડની નીતિમાં આંશિક સુધારા બાબત.
સંદર્ભઃ– (૧) લગત ફાળવણી અંગેના પરિપત્ર ક્રમાંક–જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી//૨૨/૩૦ તા.૨૮/૫/૨૦૧૨.
(૨) નિગમની ૪૭૮ મી સભામાં પસાર થયેલ ઠરાવ ક્રમાંક–૪૧/ વિતરણ/૪૭૮/૧૫.

નિગમની જુદી જુદી ઔદ્યોગિક વસાહતમાં હયાત ઉદ્યોગકારને ફાળવેલ ઔદ્યોગિક મિલ્કતના પુરેપુરા વપરાશ બાદ તેમના ઉદ્યોગના વિસ્તરણ માટે લગત પ્લોટ/શેડની ફાળવણીની નીતિ સંદર્ભિત પરિપત્ર–૧ થી અમલમાં છે. અનુભવે આ પરિપત્રમાં આંશિક સુધારો કરવાનું આવશ્યક જણાતા આ બાબતની દરખાસ્ત નિયામક મંડળશ્રીની ૪૭૮ મી સભામાં સાદર કરવામાં આવેલ અને ઠરાવ ક્રમાંક–૪૧/વિતરણ/૪૭૮/૨૦૧૫ થી મળેલ મંજુરી મુજબ સંદર્ભ –૧ દર્શિત પરિપત્રના આમુખના મુદ્દા નં–૩ માં નીચે મુજબ સુધારો કરવાનું મંજુર કરવામાં આવ્યું. આ સિવાય આ પરિપત્રની તમામ બાબતો યથાવત રાખવામાં આવે છે.

"નિગમની કોઈપણ વસાહતમાં ફાળવણી માટે ઉપલબ્ધ કોઈ એકજ ઔદ્યોગિક મિલ્કત માટે એક કરતા વધારે ફાળવણીદારો ધ્વારા આ મિલ્કતની લગત ફાળવણી માટે અરજી મળેલ હોય તો તેવા સંજોગોમાં જે તે કિસ્સાના ગુણ–દોષના આધારે જરૂરી જણાય તો આવા અરજદારોની અરજીના અગ્રતાક્રમ મુજબ, જે તે અરજદારને ફાળવેલ ઔદ્યોગિક મિલ્કતના ટકાવારીના સહ પ્રમાણસર રેશિયોમાં, નિગમના જી.ડી.સી.આર. ના નીતિ નિયમો તેમજ નિગમની પેટા વિભાજનની નીતિને આધીન માંગવામાં આવેલ મિલ્કતનું વિભાજન કરી તેની ફાળવણી કરવાનો અધિકાર નિગમના માન. ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને આપવાનું ઠરાવવામાં આવ્યું"

આવા તમામ કિસ્સાઓમાં ફાળવણીનો અધિકાર નિગમના માન. ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી હસ્તક રહેશે.

સહી/–
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

**નકલ જયભારત સહ રવાનાઃ–**

(૧) પ્રમુખશ્રી ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) કાર્યપાલક નિયામકશ્રી (એસએન્ડએ), જીઆઈડીસી, ગંધીનગર નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

મંજુરી મુજબ જારી કર્યુ
કાર્યપાલક નિયામક (ઈએન્ડએ).